ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં એજન્ડા મુજબ બજેટ સહિત 8 અને અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ 3 મળીને 11 કામો સર્વાનુમતે મંજૂર

આણંદ તા.પં.ની સામાન્ય સભામાં 31.96 કરોડનું બજેટ મંજૂર

વર્ષ 2025-26 નું 35.79 કરોડનું સુધારા સાથેનું, વર્ષ 2026-27નું 31.96 કરોડનું અંદાજિત ખર્ચ સાથેનું અંદાજપત્ર રજૂ કરાયું

(પ્રતિનિધિ) આણંદ, તા.૮

આણંદ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા રાજીવ ગાંધી સભા ગૃહમાં પ્રમુખ પારૂલબેન પરમારના અધ્યક્ષસ્થાને ઉપપ્રમુખ નિલેશભાઈ પટેલ, ટીડીઓ આર એમ.પટેલ સહીત સભ્યોની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં વર્ષ 2025-26 નું 35.79 કરોડનું સુધારા સાથેનું, વર્ષ 2026-27નું 31.96 કરોડનું અંદાજિત ખર્ચ સાથેનું અંદાજપત્ર તેમ એજન્ડાના 9 કામો રજુ કરાતા તમામ કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આણંદ તાલુકા પંચાયત સામાન્ય બજેટ બેઠકમાં એજન્ડામાં સમાવિષ્ટ 9 કામોને તબક્કાવાર રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં એજન્ડા નંબર 1માં ગતસભાની કાર્ય નોંધ (23 સપ્ટેમ્બર 2025) ની કાર્યનોંધમાં કોઈ રજૂઆત ન મળતા સર્વાનુંમતે બહાલી આપવામાં આવી હતી એજન્ડાના કામ નંબર 2 માં ગત સામાન્ય સભાના ઠરાવોની અમલવારીની સમીક્ષા, સભામાં ગેરહાજર સભ્યોના રજા રિપોર્ટ (કોઈ રજા રિપોર્ટ રજૂ ન થતા) એજન્ડાના કામ નંબર ૪માં વૈધાનિક સમિતિની બેઠકના મુદ્દે તમામ કામોને સર્વાનુમતે બહાલ કરવામાં આવ્યા હતા. એજન્ડા નંબર 5માં વર્ષ 2025-26 નું રૂા.35,79,11,347નુ સુધારા સાથેનું તેમજ વર્ષ | 2026-27 નું સરકારી | યોજનાકીય કામો, ગ્રાન્ટો સાથે 31 કરોડના અંદાજિત ખર્ચ સાથેનું રૂ. 31,96,24,347 નું અંદાજપત્ર રજૂ કરવામાં આવતા સભ્યોની સર્વાનુંમતીથી મંજૂર કરવામાં આવ્યું હતું.

એજન્ડાના કામ નંબર 6 તાલુકા પંચાયત માટે જરૂરી ફર્નિચરની ખરીદી, કામ નં 7 માં વર્ષ 2025-26 માં થયેલા ખર્ચની સમીક્ષા, કામ નં ૮માં વિકાસના સ્પીલ ઓવર | કામોની મુદત વધારવા તથા હેતુફેર અંગેની રજૂઆતો વહેલી તકે તાલુકા પંચાયત કચેરીમાં રજુ કરવા તમામ સભ્યોને તાકીદ કરવામાં આવી હતી. જયારે અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલા કામ નંબર 8 માં જીરામજી યોજના હેઠળ હાથ ધરાનાર વિકાસ કામોના વાર્ષિક આયોજન પેટે 285.55 લાખનું લેબર બજેટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (ડીઆરડીએ) સમક્ષ મૂક્યુ હોવાનું કામ બેઠકમાં રજૂ કરાયું હતું. જેને ગાંધીનગર સીઆરડીએથી મંજૂરી મળનાર હોઈ બેઠકમાં એજન્ડાના તમામ 9 કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

પાયાની સુવિધાઓ ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો

બજેટમાં સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત અભિયાન, કૃષિ, પશુપાલન, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. બજેટ બેઠકમાં ગતવર્ષના એજન્ડામાં કેટલાક ફેરફારો કરીને બજેટરજુ કરવામાં આવ્યું હતું. જેમાં કેટલાક ખર્ચાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. પ્રવેશોત્સવ, વિજ્ઞાનમેળા, પુસ્તકો, સ્પર્ધા માટે ૧૦.૭૫ લાખનું બજેટ નક્કી કરાયું છે. તેવી જ રીતે ખેતીવાડી વિભાગ માટે ૨.૬૦ લાખ, સમાજ કલ્યાણ માટે ૧૬.૨૫ લાખ, જાહેર બાંધકામ માટે ૨.૫૬ કરોડ તેમજ અન્ય કામો માટે ૨.૧૧ કરોડની રકમ ફાળવવામાં આવી છે. ૬ વિકાસ કામો પેન્ડીંગ હતા તે કામો પૂર્ણ કરવા અને તેમાં નવા કામો ઉમેરીને વધુ ૭ લાખનું બજેટ મંજૂર કરવામાં આવ્યુ છે

ગામડી ડાક બંગ્લોઝવાળી જગ્યામાં તાલુકા ક્વાર્ટર દરખાસ્ત કરાઇ

વર્ષ 2025-26ના બજેટમાં છ જેટલા વિકાસના કામો સ્થાનિક કારણોસર અટકી ગયા હતા. તે કામો પૂર્ણ કરવા તેમજ નવા કામો ઉમેરીને રૂપિયા સાત લાખ મંજૂર કરવામાં આવ્યાં હતા. જયારે તાલુકા પંચાયતના સ્ટાફ ક્વાર્ટસ માટે સીટીપી -3 યોજના અંતર્ગત દરખાસ્ત માંગેલ છે. ગામડી સરકારી ડાક બંગ્લોઝ વાળી જગ્યાએ સરકારી ક્વાર્ટરના બાંધકામ માટે હેતુફેર કરવાની જરૂરી કાર્યવાહી કરીને કર્મચારીઓ માટે ફાળવવામાં કામ મુકવામાં આવ્યું છે. જે કામની મંજૂરી મળતાં જ હાલના બજેટમાં કોઈ જોગવાઈ કરાઈ નથી. પરંતુ મંજૂર થતાં રીવાઈઝ બજેટમાં જોગવાઈ કરવાનો સભામાં ઠરાવ કરવામાં આવ્યો છે.

પોલીસે એફ.એસ.એલની મદદથી તપાસનો ધમધમાટ તેજ કર્યો

નડિયાદ અને મહુધામાં ગૌવંશના કતલની આશંકા: ભારે રોષ વ્યાપ્યો

ખેડા જિલ્લામાં ગૌવંશના ટાર્ગેટ કિલિંગના આક્ષેપો સાથે હિન્દુ સંગઠનોમાં આક્રોશ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૮

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં માઈ માતાના ગરનાળા પાસે ગૌવંશનો મૃતદેહ મળતા ચકચાર મચી છે. તો આ તરફ મહુધાથી આગળ નર્મદાની મુખ્ય નહેરમાંથી ગૌવંશ કપાયેલા પોટલા મળી આવ્યા છે. જેના કારણે હિન્દુ સંગઠનોમાં ભારોભાર રોષ વ્યાપ્યો છે. આ મામલે તંત્ર દ્વારા તત્કાલ યોગ્ય તપાસ કરી અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવાની માંગણી પ્રબળ બની છે.

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતા માઈ મંદિર ગરનાળા પાસે ગૌવંશનો મૃતદેહ મળી આવવાની ઘટના સામે આવી છે. આ બાબતની જાણ થતા જ હિન્દુ ધર્મ સેનાના પ્રદેશ પ્રમુખ રાજન ત્રિપાઠી સ્થળ પર પહોંચ્યા હતા અને વીડિયો રજૂ કરી આ સમગ્ર મામલે આક્રોષ ઠાલવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચી જાણવાજોગ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજીતરફ મહુધા તાલુકાના વડથલ ગામ નજીક પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાંથી આશરે 50 થી વધુ ગૌવંશના કપાયેલા અંગો ભરેલા પોટલા મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વડથલ નજીક નહેરમાં જે પોટલા મળી આવ્યા છે તેમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને પ્રાથમિક દ્રષ્ટિએ ગૌવંશના પગ, માથા અને કાન જેવા અંગો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જે સૂચવે છે કે આ કોઈ મોટા પાયે આચરેલું ક્રૂર કતલકાંડ હોઈ શકે છે. આ ઘટનાની જાણ થતા જ હિન્દુ ધર્મ સેના ગુજરાત પ્રદેશના પ્રમુખ રાજન ત્રિપાઠી કાર્યકરો સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાની ગંભીરતા જોઈ જેસીબીની મદદથી નહેરમાંથી પોટલા બહાર કાઢવાની તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને પગલે એફ.એસ.એલની ટીમ પણ કાર્યરત કરવામાં આવી છે અને નમૂનાઓ લઈ કાયદેસરની તપાસ શરૂ કરાઈ છે.

તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલ

નડિયાદ પંથકમાં ટૂંકા ગાળામાં ગૌવંશને નુકસાન પહોંચાડવાની દસ જેટલી ઘટનાઓ બનવા છતાં તંત્ર દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં ન આવી હોવાનો આક્ષેપ હિન્દુ સંગઠનોએ કર્યો છે. ગૌવંશના ટાર્ગેટ કિલિંગ પાછળ સક્રિય કોઈ ચોક્કસ ટોળકી સામે કડક હાથે કામ લેવાને બદલે પોલીસ માત્ર પંચનામા અને પ્રાથમિક તપાસમાં જ અટવાયેલી રહેતી હોવાનું પણ સંગઠનના અગ્રણીઓએ જણાવ્યુ છે. ત્યારે આવા અસામાજીક તત્વો સામે તત્કાલ યોગ્ય કાર્યવાહી કરાય, તેવી માંગણી વ્યાપી છે.

મનરેગાના લોકપાલ સોજીત્રા ખાતે 18 ફેબ્રુ. ના રોજ ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ) આણંદ, તા.૮

આણંદ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આણંદ દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળની કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવે છે. આણંદ ખાતે મનરેગા ના લોકપાલ તરીકે સુનિલકુમાર વિજયવર્ગીયની નિમણૂક કરવામાં આવી છે. તેઓ આણંદ જિલ્લામાં મનરેગા હેઠળ કરવામાં આવતી કામગીરીમાં શ્રમિકોને વેતન મળતું ન હોય, વેતન ઓછું મળતું હોય, વેતન મળ્યું ન હોય અથવા કોઈપણ જાતનો મનરેગામાં ભ્રષ્ટાચાર થયો હોય તથા રોજગારી માટે મનરેગામાં સમાવિષ્ટ ન કર્યા હોય તેવા કોઈ પ્રશ્ન હોય તો તેઓ આ પ્રશ્ન સાંભળશે. આણંદ જિલ્લાના મનરેગા ના લોકપાલ સુનિલકુમાર વિજયવર્ગીય આગામી તા.18 મી ફેબ્રુઆરી, બુધવારના રોજ તાલુકા પંચાયત કચેરી, સોજીત્રા ખાતે બપોરે 1-30 થી 2-30 કલાક દરમિયાન રૂબરૂમાં મળશે.

મહિસાગર જિલ્લા ભાજપના નવા સંગઠનની જાહેરાત કરાઈ

નવું માળખું પ્રમુખ દશરથભાઈ બારીયા ધ્વારા જાહેર કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા ૮

મહિસાગર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નવા સંગઠનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. નવા સંગઠનની જાહેરાત થતા સમગ્ર જિલ્લામાં ભાજપ કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની સૂચના અને માર્ગદર્શન હેઠળ મહિસાગર જિલ્લાના સંગઠનનું નવું માળખું પ્રમુખ દશરથભાઈ બારીયા ધ્વારા જાહેર કરવામાં આવ્યું છે. નવા માળખા અંતર્ગત જિલ્લાના મુખ્ય હોદ્દેદારો ઉપરાંત વિવિધ મોરચાના પ્રમુખ, મંત્રી અને કન્વિનર સહિતના હોદ્દાઓ પર નિમણૂક કરવામાં આવી છે.

નવા સંગઠનના માધ્યમથી ભાજપ પક્ષને વધુ મજબૂત બનાવવાનો અને સરકારની જનહિતલક્ષી યોજનાઓને સામાન્ય જનતા સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.

મુખ્ય હોદ્દેદારો સહિત વિવિધ મોરચા સમિતિઓમાં કાર્યકરોની નિમણૂંક

નવા સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે દીપકભાઈ હીરાભાઈ ચાવડા, પ્રદીપસિંહ ભુપતસિંહ રાઠોડ, શ્રીમતી ઇલાબેન કે. બારોટ, પ્રો. ઇશ્વરભાઈ વિરાભાઈ ડામોર, પ્રો.ચંદુભાઈ એન. બારિયા, હરીશભાઈ જી.પટેલ, શ્રીમતી જયાબેન ઉદેસિંહ ઠાકોર, જયેશભાઇ ખેમાભાઇ પટેલ (ચૌધરી), જ્યારે મહામંત્રી તરીકે કમલેશભાઈ નાનાભાઈ પાદરીયા, તેજસભાઈ જગદીશભાઈ શાહ, ચિંતનભાઈ એમ. પટેલ, અને મંત્રી તરીકે શ્રીમતી રમિલાબેન કે. ડામોર, મહેન્દ્રકુમાર ખાતુભાઈ રાવળ, સંદિપભાઈ નટુભાઈ ભોઇ, બિપીનભાઈ કે. પટેલ, શ્રીમતી મિનાક્ષીબેન તેજપ્રકાશભાઈ શર્મા, શ્રીમતી હંસાબેન ચુનીલાલ મુંડવાડા, શ્રીમતી લીલાબેન ભરતભાઇ મકવાણા, શ્રીમતી જાગ્રુતિબેન હેમંતભાઈ પંચાલ, કોષાધ્યક્ષ ડો.પ્રવિણભાઈ કે.પ્રજાપતિ, કાર્યાલય મંત્રી બાબરભાઈ એમ. પટેલ, આઇ.ટી. ઇન્ચાર્જ મહેશભાઈ રચજીભાઈ માલીવાડ, સોશીયલ મિડીયા ઇન્ચાર્જ ડો.નિલેશકુમાર જયંતીભાઈ પટેલ અને મીડિયા ઇન્ચાર્જ અશ્વિનકુમાર જયંતીલાલ પંડ્યા.

વૃક્ષનિકંદન અટકાવવા માટે ગાયત્રી પરિવાર દ્વારા કલેકટરને આવેદનપત્ર

છેલ્લા 7 વર્ષમાં ગાયત્રી પરિવારે આણંદ ખેડા જિલ્લામાં 25 હજાર વૃક્ષ વાવી ઉછેર્યા

(પ્રતિનિધિ) આણંદ તા ૮

અખીલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ ના માર્ગદર્શન હેઠળ વૃક્ષ ગંગા અભિયાન હેઠળ આણંદ ગાયત્રી પરિવાર દ્વારા છેલ્લા સાત વર્ષથી આણંદ શહેરના મુખ્ય માર્ગો પરના ડીવાઈડર સહિત ખેડા જીલ્લામાં મળી 25 હજાર જેટલા વૃક્ષો વાવી તેના ઉછેર કરવામાં આવી રહ્યા છે.ત્યારે હાલમાં કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના વિવિધ માર્ગો પર બ્યુટીફીકેશન ની કામગીરી હાથ ધરવા સમયે વૃક્ષ નીકંદન કરવામાં આવી રહ્યા હોય તે અટકાવવા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ ના માર્ગદર્શન હેઠળ આણંદગાયત્રી પરિવાર દ્વારા છેલ્લા 422 રવિવારથી આણંદ ના મુખ્ય માર્ગો પરના ડીવાઈડર પર તથા ખેડા જીલ્લામાં મળી 25 હજાર વૃક્ષો વાવી ઉછેર કામગીરી હાથ ધરી સમાજમાં પર્યાવરણ ની જાગૃતિ લાવવા ઉપરાંત વડાપ્રધાન મોદીના એક પેડ માં કે નામ ને સફળ બનાવવા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. પરંતુ વિકાસની ઓથ હેઠળ વૃક્ષો બચાવવા માટે નિયમોને ઉડાડવામાં આવી રહ્યા હોય તેમ કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના વિવિધ માર્ગો પર બ્યુટીફીકેશન ની કામગીરી હાથ ધરતાં ડીવાઈડર પર વાવેલ વૃક્ષ નીકંદન કરવામાં આવી રહ્યા છે.જેના પગલે આણંદ ગાયત્રી પરિવાર દ્વારા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી સદર વૃક્ષ નીકંદન અટકાવવા માં આવે ની માંગ કરવામાં આવી છે .

કણભા સીમમાંથી હાઈટેંશન તારના 2.31 લાખના વાયરો ચોરાયા

એલ્યુમીનીયમ તારના 700 મીટર વાયરોની ચોરી

(પ્રતિનિધિ) આણંદ, તા.૮

બોરસદ કણભા સીમ વિસ્તારમાં હાઈટેંશન ટ્રાન્સમીશનના પીલર નં.57-0 થી પીલર નં.58-0 સુધીના 700 મીટર એલ્યુમીનીયમ તારના વાયરો કિમંત રૂ.231700-ની ચોરી કરવામા આવી હતી.જે અંગે વીરસદ પોલીસે ફરીયાદ નોંધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ કલ્પતરૂ પ્રોજેકટ ઇંટરનેશનલ લીમીટેડ કંપનીને વટામણથી ભરૂચ સુધીની હાઈટેંશન ટ્રાન્સમીશનનું કામ સોપવામાં આવ્યુ હતુ.જે અંગે બોરસદ કણભા સીમ વિસ્તારમાં પીલર નં,57-0 થી પીલર નં.58-0 સુધીના ટ્રાન્સમીશન લાઇનના તારના વાયરો નાખવાનુ કામકાજ ચાલી રહ્યુ હતુ.ત્યારે ફરીયાદમાં જણાવેલ કંપની સુપરવાઇઝર ખેમલાલ શાહુના જણાવ્યા પ્રમાણે તા.30-01-2026 ના રોજ વાયરો નાખવાનું કામકાજ પતાવી સાંજે સાતેક વાગે મજુરો જતા રહ્યા હતા.અને ત્યારપછી તા.08-02-2026 ના રોજ કંપની સુપરવાઇઝર સ્થળ પર જતા પીલર નં,57-0 થી પીલર નં.58-0 સુધીના 700 મીટર ટ્રાન્સમીશન લાઇનના એલ્યુમીનીયમ તારના વાયરો કિમંત રૂ.231700-ની ચોરી થઇ હતી. તે સ્થિતિમાં કંપની સુપરવાઇઝરે ઉપરી અધિકારીઓને ચોરી અંગે જાણ કરી વાયરોની શોધખોળ ચલાવી હતી. જો કે શોધખોળને અંતે પણ ચોરી થયેલ વાયરો મળી આવ્યા ન હતા.ત્યારે કંપની સેકશન ઇન્ચાર્જ સંજયકુમાર યાદવે ચોરી કરનાર અજાણ્યા ચોર ઇસમો સામે વિરસદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

પેટલાદના જોગણ ગામમાં ક્ષત્રિય ઠાકોર સમાજના નવા બંધારણ અંગે બેઠક યોજાઈ

સામાજિક વિકાસ અને એકતા માટે અગત્યની બેઠક

(પ્રતિનિધિ) આણંદ, તા.૮

આણંદ જિલ્લામાં ક્ષત્રિય ઠાકોર સમાજ અને ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનો દ્વારા સમાજના સર્વાંગી વિકાસ અને સંગઠન મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ બેઠક પેટલાદ તાલુકાના જોગણ ગામમાં ટેલરપુરા આશ્રમ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સમાજના નવા બંધારણ અંગે વિસ્તૃત ચર્ચા સાથે વિવિધ સામાજિક અને વિકાસલક્ષી મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં આણંદ જિલ્લા ક્ષત્રિય ઠાકોર સમાજ અને ક્ષત્રિય ઠાકોર સેનાના વિવિધ હોદ્દેદારો, તાલુકા સ્તરના પ્રમુખો, વિવિધ ગામોની સમિતિઓના પ્રમુખો તેમજ સમાજના સરપંચો, સરકારી કર્મચારીઓ, શિક્ષકો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના આગેવાનોની હાજરીમાં વિવિધ મુદ્દાઓ પર ગંભીરતાથી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સમાજના નવા બંધારણને આધુનિક સમયમાં અનુકૂળ બનાવવા માટે સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. સમાજમાં ચાલી રહેલા કેટલાક ખોટા રીત-રિવાજો અને અતિરિક્ત ખર્ચને નિયંત્રણમાં લેવા માટે સંયમ અને જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે સાથે સમાજમાં સમૂહ લગ્ન પ્રથા વધુ મજબૂત બને અને સામાજિક નિયમો સુવ્યવસ્થિત રીતે અમલમાં આવે તે માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની ચર્ચા પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત સમાજના યુવાનોમાં શિક્ષણ અને વિકાસ માટે યોગ્ય દિશા નિર્ધારિત થાય તે માટે શિક્ષણલક્ષી આયોજન, માર્ગદર્શન અને સહાય યોજના અંગે પણ વિચારણા કરાઈ હતી.

આણંદ જિલ્લામાં સર્વશ્રેષ્ઠ શાળા તરીકે ઝારોલા હાઇસ્કૂલની પસંદગી

ઝારોલાના વતની અને અમેરિકા સ્થિત ઠાકોરભાઈ પટેલ પરિવારે શાળાના તમામ 43 કર્મચારીઓન પ્રોત્સાહક રકમની ભેટ

(પ્રતિનિધિ) બોરસદ તા.૮

બોરસદ તાલુકાના ઝારોલા ગામની હાઈસ્કુલ કે જ્યાં બાલમંદિર થી ધોરણ 12 ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં બાલમંદિરના વર્ગો ચાલે છે. કુલ 43 કર્મચારીઓ ધરાવતી શાળા વટ વૃક્ષ બની છે અને વર્ષ 2025 -26 માટે શાળા પોતાના કાર્યો, વિદ્યાર્થી લક્ષી પ્રવૃત્તિઓ, સમાજ સેવાના કાર્યો, વાલીશ્રીઓને જોડવાના કાર્યો, શાળાકીય પરિણામ, બાહ્ય પરીક્ષા, વિવિધ સ્પર્ધા, પર્યાવરણ જાગૃતિ ના કાર્યક્રમો, સર્વ ધર્મ સંભાવનાના કાર્યક્રમ, શિક્ષક ઈનોવેશનના કાર્યક્રમ, પ્રાર્થના સભામાં નવાચાર, નબળા વિદ્યાર્થીઓને આગળ લાવવા માટેના કરેલા પ્રયત્નો,રાષ્ટ્રીય

કાર્યક્રમ, રાષ્ટ્રભાવના જાગૃત થાય તેવા કાર્યો કરવા બદલ સમગ્ર આણંદ જિલ્લામાં શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થઈ છે.

શાળાના સંમેલનમાં ખગોળ વૈજ્ઞાનિક ડોક્ટર એકતા શાહ, તાલીમ ભવન વલાસણના પ્રોફેસર અનિકેતભાઈ, સરપંચ ધવલભાઈ, પ્રમુખ ઘનશ્યામભાઈ, મંત્રી હિતેનભાઈ તથા અન્ય સભ્યો વાલીઓની ઉપસ્થિતિમાં એમડી નવીનભાઈ પટેલે શાળા સમગ્ર જિલ્લામાં સર્વ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થઈ છે તેવી જાહેરાત કરી હતી. તમામે એકબીજાને ખુબ અભિનંદન પાઠવ્યા હતા. ઝારોલા ની શાળાને આખા આણંદ જિલ્લામાં પ્રથમ નંબર અપાવી શાળાનું નામ રોશન કરી સમગ્ર ઝારોલા ગામને આણંદ જિલ્લામાં ગૌરવ અપાવવા બદલ તમામ કર્મઠ કર્મચારીઓની ટીમના દરેક કર્મચારીને શાળાના વિકાસમાં જેમને ખૂબ મોટું મન રાખી ખોબલે ખોબલે ભરીને ખૂબ મોટું દાન આપ્યું છે તેવા ઝારોલાના વતની અને અમેરિકા રહેતા ઠાકોરભાઈ પુનમભાઈ પટેલ પરિવારે શાળાના તમામ 43 કર્મચારીઓને રૂ.એક-એક હજાર ની પ્રોત્સાહન રકમ આપી હતી તેમજ ઈનોવેટિવ ફેસ્ટિવલમાં ભાગ લીધેલ કર્મચારી મહેજબીન વોરાને તથા જિલ્લાના શ્રેષ્ઠ ઈનોવેટિવ ટીચર તરીકે પસંદ થયેલ કૃતિકાબેન એન પટેલને પ્રોત્સાહિત રકમ આપીને સર્વેને સન્માનિત કર્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225